પાલિકાની લાલીયાવાડી સામે આવતા તંત્ર દોડતું થયું : તાબડતોબ કામગીરી હાથ ધરવા મથામણ શરૂ કરાશે ? કે પછી જૈસે થે..

ગોરવાના જનકપુરી બ્રિજમાં મોટું ગાબડું રાહદારીઓ માટે માર્ગ બંધ કરાયો

મોટી દુર્ઘટનાની ભીતિ: બ્રિજની ખખડધજ હાલત વચ્ચે સળિયા દેખાવા લાગ્યા, હજારો લોકોની અવરજવર પર બ્રેક વાગતા સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા જનકપુરી પાસે નર્મદા કેનાલ પરના બ્રિજની હાલત અત્યંત બિસ્માર બની છે. આ બ્રિજ પર મોટું ગાબડું પડવાની ઘટના સામે આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. કોઈ મોટી જાનહાનિ ન થાય તે હેતુથી કોર્પોરેશન દ્વારા તાત્કાલિક અસરથી બ્રિજને બેરીકેટિંગ કરીને રાહદારીઓ અને વાહનચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગોરવા જનકપુરી વિસ્તારમાં નર્મદા કેનાલ પર આવેલો આ બ્રિજ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતો. બ્રિજમાં ગાબડું પડતાની સાથે જ તેના લોખંડના સળિયા દેખાવા લાગ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જ્યારે પણ કોઈ ભારે વાહન અહીંથી પસાર થતું ત્યારે આખો બ્રિજ ધ્રૂજતો હોય તેવો અનુભવ થતો હતો. આજે ગાબડું વધુ મોટું થતાં સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી, જેના પગલે વડોદરા કોર્પોરેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સુરક્ષાના ભાગરૂપે બ્રિજને બંને તરફથી બંધ કરી દીધો હતો. આ બ્રિજ જનકપુરી ગામ અને આસપાસના વિસ્તારોને જોડતો મુખ્ય માર્ગ છે. બ્રિજની સામે જ સરકારી શાળા આવેલી હોવાથી રોજના હજારો વિદ્યાર્થીઓ અહીંથી અવરજવર કરે છે. હવે બ્રિજ બંધ થવાને કારણે વિદ્યાર્થીઓએ અને સ્થાનિકોએ 1 થી 2 કિલોમીટર જેટલો લાંબો ફેરો ખાવો પડશે. સ્થાનિક રહીશોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ બ્રિજની હાલત છેલ્લા બે વર્ષથી ખરાબ હતી. અગાઉ પણ નાનું ગાબડું પડ્યું હતું ત્યારે તંત્રએ માત્ર કચરો નાખીને કામ ચલાવી લીધું હતું, પરંતુ આજે જ્યારે પરિસ્થિતિ ગંભીર બની ત્યારે જાગેલા તંત્રએ માત્ર રસ્તો બંધ કરી દીધો છે.

હાલની પરિસ્થિતિ

અત્યારે જનકપુરી બ્રિજ પર કોર્પોરેશન દ્વારા બેરીકેટ લગાવી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી બ્રિજનું સંપૂર્ણ સમારકામ નહીં થાય ત્યાં સુધી આ માર્ગ પરથી અવરજવર પર પ્રતિબંધ રહેશે. હાલમાં રાહદારીઓને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

વડોદરાનું પોર ગામ 'માલિકી હક્ક' માટે મેદાને

વર્ષોની વેદના બાદ હવે વહીવટી તંત્ર સામે આરપારની લડાઈ!

નેતાઓ મતો લઈ ગયા પણ ઘરના દસ્તાવેજ ન આપ્યા; જો આકારણી નહીં થાય તો પંચાયત કચેરી સામે રહીશો કરશે ભૂખ હડતાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વડોદરા એક તરફ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'દરેક નાગરિકને પોતાનું ઘર' આપવાનું સ્વપ્ન સાકાર કરવા મથામણ કરી રહ્યા છે, ત્યારે વડોદરા જિલ્લાના પોર ગામમાં વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. અહીં વર્ષોથી વસવાટ કરતા સેંકડો રહીશો આજે પણ પોતાના જ ઘરના માલિકી હક્ક માટે તંત્ર સામે સંઘર્ષ કરી રહ્યા છે. ચૂંટણી ટાણે વચનોની લ્હાણી કરતા નેતાઓ જીત્યા બાદ આ વિસ્તારના લોકોની પીડા ભૂલી જતા હોવાનો આક્રોશ સ્થાનિકોમાં જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, તેમની પાસે મકાનનો માલિકી હક્ક ન હોવાને કારણે તેઓ અનેક સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. સૌથી મોટી મુશ્કેલી બેંક લોન મેળવવામાં પડી રહી છે. મકાનના પાકા દસ્તાવેજ કે આકારણી ન હોવાથી બેંકો ધિરાણ આપતી નથી, જેના કારણે સામાન્ય મધ્યમ વર્ગના પરિવારો પોતાનું ઘર રિપેર કરવામાં કે અન્ય જરૂરિયાતો પૂરી કરવામાં અસમર્થ બન્યા છે. પોર ગામના આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ અને વહીવટી ઉપેક્ષાને કારણે દર ચોમાસામાં રહીશોની હાલત કફોડી બને છે. પૂરની સ્થિતિ સર્જાતા જ લોકોએ પોતાની ઘરવખરી બચાવવા માટે દોડધામ કરવી પડે છે અને આખરે ધર્મશાળામાં આશરો લેવો પડે છે.

આંદોલનનું રણશિંગું: ભૂખ હડતાલની તૈયારી

તંત્રની લાંબી ઉદાસીનતા બાદ હવે રહીશોનો સંયમ ખૂટ્યો છે. સ્થાનિકોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં તેમને ઘરની વેરાપાવતી કે આકારણી કરી આપવામાં નહીં આવે, તો તેઓ ગ્રામ પંચાયતની કચેરી બહાર ભૂખ હડતાલ પર ઉતરશે. "અમે વર્ષોથી અહીં રહીએ છીએ, છતાં અમારા જ ઘરમાં અમે પરાયા છીએ. નેતાઓ ફક્ત મતોની રાજનીતિ કરે છે, અમારી પાયાની જરૂરિયાત કોઈને દેખાતી નથી.

ખાનગી યુનિ.ના પ્રોફેસરના મકાનમાંથી ચોરી કરનાર કામવાળી અને ડભોઈના સોની ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વડોદરા શહેરના તરસાલી સોમાતળાવ રીંગ રોડ પર આવેલી મારુતિધામ સોસાયટીમાં રહેતા નિમિતા ચેતન ગુજર વાઘોડીયા ખાતે પારૂલ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે તેમના પતિ પ્રાઈવેટ નોકરી કરે છે. તેમની સાથે ઉમર લાયક સાસુ અને સસરા રહેતા પ્રોફેસરે છાયા મનોજ બારીયા (રહે.ઘાઘરેટીયા ગામ)ને ઘરનું કામ કરવા માટે નોકરી રાખી હતી.

કામવાળી બાઈ છેલ્લા ચાર વર્ષથી તેમના ઘરે કામ કરતી હતી. 24 ડિસેમ્બરના રોજ તેમના સંબંધી ઘરમાં લગ્ન પ્રસંગ ઘરના પહેલા માળે બેડ રૂમમાં મૂકેલી લોખંડની તિજોરીમાં સોના ચાંદીના દાગીના 5 ડિસેમ્બરના રોજ જોવા માટે ગયાં હતા. ત્યારે તિજોરી અને ડ્રોઅર ખુલ્લા જોવા મળ્યાં હતા.

જેથી પ્રોફેસરે તિજોરીની અંદરનો સામાન જોતા મુળ સ્વરૂપમાં જોવા મળ્યો હતો પરંતુ જેવા તેઓએ ડ્રોઅર ખોલ્યાં હતા ત્યારે સોનાના દાગીના અને રોકડા રૂપિયા 28 હજાર મળી રૂ.6.11 લાખની મળી આવી ન હતી. જેથી પ્રોફસર સહિતના દંપતીએ ઘરમાં તપાસ કરી પણ દાગીનાનો પતો લાગ્યો ન હતો. દરમ્યાન પ્રોફેસરને તેમના પતિએ પ્રથમ મેરેજ એનિવર્સરીએ ગીફ્ટમાં આપેલી સોનાની વીટી ઘરે કામ કરવા માટે આવેલી છાયા બારીયાએ 31 ડિસેમ્બરના રોજ પહેરી હોવાનું જોવા મળ્યું હતું.

જે વિટી બાબતે પ્રોફેસરે તેને ફુચ્યું હતું. ત્યારે કામવાળી બાઈ કોઈ જવાબ આપ્યાં વગર જતી રહી હતી. વૃદ્ધ સાસુ સસરા ઘરમાં એકલા અને દંપતી નોકરી પર ગયુ હોય ત્યારે 5 થી 24 ડિસેમ્બર સુધીમાં પ્રોફેસરના મકાનમાં પ્રથમ માળે બેડરૂમમાં મુકેલી લોખંડની તિજોરીમાં સોના-ચાંદીના દાગીના તથા રોકડાની ચોરી માલમતાની ચોરી કરી હોવાની ફરિયાદ પ્રોફેસર મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. મકરપુરા પોલીસે તપાસ શરૂ કરી હતી ત્યારે જાણવા મળ્યું હતું કે આ કામવાળી બાઈ છાયા બારીયાએ સોનાના દાગીના ડભોઈના સોનીને વેચી દીધા છે. જેથી પોલીસે છાયા મનોજ બારીયા (રહે. લીમડી ફળીયુ,ગેસ ગોડાઉન બાજુમાં સોમા તલાવ, ડભોઈ રોડ,વડોદરા) ને પકડી લીધી હતી. ત્યારબાદ તેને સાથે રાખી ડભોઈ ખાતે જઈને ચોરીના દાગીના ખરીદનાર અલ્પેશ પ્રવીણચંદ્ર સોની (રહે. મના પોળ ચકલા, ચોક્સી બજાર, ડભોઈ જી.વડોદરા) ને પણ ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી સોનાના ચાંદીના દાગીના અને રોકડા 28 હજાર મળી રૂ. 11.55 લાખનો મુદ્દામાલ રિકવર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લોહિત, નોટ સેરીફ ગુજરાતી તથા નોટો સેન્સ ગુજરાતી ફોન્ટના પરીપત્રનું સુરસુરીયુ

વડોદરા વકીલ મંડળના સરક્યુલરનો વકીલોએ વિરોધ નોંધાવી કામગીરી બંધ રાખી

ગુજરાત હાઇકોર્ટ દ્વારા હાલ પુરતો નવા પરીપત્રનો અમલ મોકુફ રખાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

ગુજરાત હાઇકોર્ટ દ્વારા તાજેતરમાં એ 4 સાઇઝના પેપરમાં લોહિત ગુજરાતી, નોટ સેરીફ ગુજરાતી,નોટો સેન્સ ગુજરાતી જેવા ફોન્ટમાં કેસ ફાઇલ કરવા માટે પરીપત્ર કરાયો હતો. પરંતુ જેના વિરોધમાં વડોદરા વકિલ મંડળ સહિતના વકીલોએ બાયોચઢાવી હતી એને બે દિવસ સુધી કામગીરીથી અલિપ્ત રહેવા માટે જાહેરાત કરી હતી અને આજથી કામગીરથી અળગા રહ્યાં હતા. જેથી હાઇકોર્ટ દ્વારા વકીલ મંડળના વિરોધના પગલે હાલ પુરતો પરીપત્ર મોકુફ રાખવામાં આવ્યો હોવાનુ જાણવા મળ્યું છે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા A4 સાઈઝના પેપરમાં લોહીત ગુજરાતી, નોટો સેરીફ ગુજરાતી, નોટો સેન્સ ગુજરાતી જેવા ફોન્ટમાં જ ગુજરાત હાઈકોર્ટ તેમજ તાબા હેઠળની તમામ કોર્ટોમાં ફાઈલીંગ કરવા માટેનો સરક્યુલર (પરીપત્ર) બહાર પાડવામાં આવ્યો હતો. તે પરીપત્રનો અમલ સમગ્ર ગુજરાતની તમામ કોર્ટમાં 1 જાન્યુઆરી 2026ના રોજથી કરાવવામાં આવ્યો હતો. જેના કારણે સમગ્ર ગુજરાતની કોર્ટમાં કેસો ફાઈલીંગ કરવામાં વકીલોને ભારે મુશ્કેલી ઉભી થઇ હતી. જેની સામે વડોદરા વકીલ મંડળ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં 24 ડિસેમ્બરના રોજ સ્થાનિક બારોમાં ચાલતા ફોન્ટનો ગુજરાત હાઈકોર્ટના પરિપત્રમાં સામેલ કરવા માટે જાણ કરવામાં આવી હતી આ વકીલ મંડળનુ આંદોલન રંગ લાવ્યું હતું અને હાલમાં હાઈકોર્ટના આ પરિપત્રને હાલ પુરતો મોકુફ રાખવામાં આવ્યો છે.

પોલીસની 23થી 31 ડિસેમ્બર દરમિયાન અકસ્માતનો બનાવો ઘટાડવા ઝુંબેશ

ડિસેમ્બરની ઉજવણીમાં જિલ્લા પોલીસે ડ્રંક એન્ડ ડ્રાઈવના 2510,-ઓવરસ્પીડના 2822 ગુના દાખલ

ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેક પોઇન્ટ સહિતના વિસ્તારોમાં પોલીસનું પેટ્રોલિંગ-ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે જિલ્લા પોલીસ દ્વારા વાહન ચેકીંગ તથા સઘન પેટ્રોલિંગની કામગીરી હાથ ધરાઇ હતી. જેમાં ડ્રંક એન્ડ ડ્રાઇવ સહીતના 2510 કેસ તથા હાઇવે પરથી ઓવર સ્પીડમાં વાહન ચલાવતો હાયો તેવા 2822 કેસ કરી ને વાહનચાલકો સામે કાર્યવાહી કરાઇ હતી. પોલીસ મહાનિરીક્ષક વડોદરા દ્વારા 31 ડીસેમ્બરના રોજ નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે તકેદારી રાખવાની સુચનાઓ આપવામાં આવી હતી. જેના ભાગરૂપે પોલીસ પોલીસ અધીક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા વડોદરા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમા નવા વર્ષની ઉજવણી અર્થે આમ જનતા દ્વારા દારૂ સહિતના નશીલા પદાર્થનો નશો કરી વાહન ચલાવી ગંભીર અકસ્માત તેવા હેતુથી નશોડી શખ્સો ઝડપી પાડવા માટે એક વિશેષ પ્રકારન ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેના માટે ગ્રામ્ય પોલીસની વિવિધ ટીમો દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ગોઠવી દેવામાં આવ્યાં હતા અને ડ્રંક એન્ડ ડ્રાઈવના એમવી એકટ 185 મુજબના વધુમાં વધુ કેસો શોધી કાઢવા તેમજ હાઇવે ઉપર બનતા અકસ્માતો અટકાવવા માટે હાઇવે ઉપર સ્પીડ ગન દ્વારા વાહનોની સ્પીડની ચકાસણી કરવામાં આવી હતી. ઉપરાંત ઓવર સ્પીડીંગ જતા હોય તેવા વાહનો ચાલકોની સ્થાનિક પોલીસ સ્ટેશન વિસ્તારના ચેક પોઇન્ટ નાકાઓ ઉપર વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું.

જેમા વડોદરા ગ્રામ્ય જીલ્લા પોલીસ દ્વારા 23થી 30 ડિસેમ્બર દરમિયાન નશો કરીને જોખમી રીતે વાહન ચલાવતા હોય તેવા ચાલકો વિરુદ્ધ ડ્રંક એન્ડ ડ્રાઈવના 1598 કેસ તથા 31 ડિસેમ્બરથી 1 જાન્યુઆરી દરમિયાન બીજા 916 મળી કુલ 2510 ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના ગુનો દાખલ કરવામાં આવ્યા છે .તેવી જ રીતે ઓવર સ્પીડીમાં વાહન ચલાવતા હોય તેવા 2822 ગુના દાખલ કરી વાહનચાલકો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સુરક્ષાના કારણોસર પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ ન કરવા નગરજનોને અપીલ

શહેરના ચાર વિસ્તારોમાં નવી ગટર લાઈનના કામને પગલે રસ્તા બંધ, ડાયવર્ઝન જાહેર

તાજેતરમાં સર્જાયેલી ગમખ્વાર ઘટના બાદ તંત્ર સાબદું: સુરક્ષાના કારણોસર પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ ન કરવા નગરજનોને અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી ગટર અને ડ્રેનેજ લાઇનની નવી સુવિધાઓ ઊભી કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. આ વિકાસલક્ષી કામગીરીના કારણે શહેરના મુખ્ય ચાર વિસ્તારોમાં વાહન વ્યવહાર માટે માર્ગો બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. કોર્પોરેશન દ્વારા નાગરિકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને સુરક્ષા જાળવવા ખાસ સૂચના આપવામાં આવી છે.

વાઘોડિયા ચોકડી ખાતે નવી વરસાદી ગટર નાખવાનું કામ શરૂ થવાનું હોવાથી, આવતીકાલે તારીખ 3થી આગામી 10 દિવસ સુધી આ માર્ગ તમામ પ્રકારના વાહનો માટે સંપૂર્ણપણે બંધ રહેશે. આ ઉપરાંત, આગામી સમયમાં ગોલ્ડન ચોકડી, આજવા ચોકડી અને કપુરાઈ ચોકડી ખાતે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે, જેના કારણે તે વિસ્તારોમાં પણ ટ્રાફિક ડાયવર્ઝન રહેશે. તાજેતરમાં ગટરમાં પડી જવાથી એક નાગરિકનું કરુણ મૃત્યુ થયા બાદ કોર્પોરેશન વહીવટી તંત્ર સુરક્ષા મુદ્દે અત્યંત ગંભીર જણાયું છે. કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, આ કામગીરી ઘણી ઊંડાઈ પર કરવામાં આવી રહી છે, જે જોખમી સાબિત થઈ શકે છે. આ કામગીરી પૂર્ણ થતા શહેરની વરસાદી પાણીના નિકાલ અને ડ્રેનેજની સમસ્યામાં મોટો ઘટાડો થશે તેવી આશા છે. ત્યાં સુધી નગરજનોને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

WTT યુવા સ્પર્ધક 2026

મનપસંદ દિવ્યાંશી ભૌમિક, સિન્ડ્રેલા દાસે U-17 ઝુંબેશની શાનદાર શરૂઆત કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

ડિફેન્ડિંગ ચેમ્પિયન દિવ્યાંશી ભૌમિક, સિન્ડ્રેલા દાસ, જાપાનની મિકુ માત્સુશિમા અને ઉભરતી સ્ટાર તનિષ્કા કાલભૈરવે શુક્રવારે અહીં SAMA ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ગ્રુપ સ્ટેજમાં આરામદાયક જીત સાથે WTT યુવા સ્પર્ધક 2026 માં તેમના U-17 ગર્લ્સ સિંગલ્સના અભિયાનનો પ્રારંભ કર્યો.WTT યુવા સ્પર્ધકની બીજી આવૃત્તિ, જે આજથી શરૂ થઈ છે, તેમાં U-11 થી U-19 સુધીની સ્પર્ધાઓ છે જેમાં U-13 અને U-17 છોકરાઓ અને છોકરીઓ શરૂઆતના દિવસે રમશે.ગયા વર્ષે અંડર-૧૫ અને અંડર-૧૭ ગર્લ્સ સિંગલ્સ ટાઇટલ જીતનાર દિવ્યાંશીએ ગ્રુપ ૧ ના ઓપનરમાં હમદેશી નીઝા કામતને ૧૧-૪, ૧૧-૧, ૧૧-૨ થી હરાવીને પોતાના અભિયાનની શરૂઆત કરી હતી જ્યારે સિંડ્રેલાએ ગ્રુપ ૩ માં તાનિયા કર્માકરને ૧૧-૬, ૧૧-૬, ૧૧-૨ થી હરાવી હતી. જાપાનની માત્સુશિમાએ સ્વરા કર્માકર પર ૧૧-૩, ૧૧-૪, ૧૧-૨ થી વિજય મેળવીને નોકઆઉટ સ્ટેજ તરફ મોટી પ્રગતિ કરી અને પછી ગ્રુપ ૨ માં અન્વિની ગુપ્તેને ૧૧-૬, ૧૧-૩, ૧૧-૮ થી હરાવી. છોકરાઓ માટે અંડર-૧૭ વર્ગમાં, ટોચના ક્રમાંકિત ઋત્વિક ગુપ્તાએ ગ્રુપ ૧ ની પોતાની બંને મેચ જીતી. ગુપ્તાએ ધ્રુવ મલિકાર્જુનનને ૧૧-૯, ૧૧-૫, ૧૧-૫ થી હરાવ્યો અને પછી શ્રેયસ માનકેશ્વરને ૧૩-૧૧, ૧૧-૬, ૧૧-૭ થી હરાવ્યો.

જુની અદાવતે તરસાલીના યુવકનું રિક્ષામાં 6 શખ્સ દ્વારા અપહરણની ઘટના

પોલીસ દ્વારા ગેંગના મુખ્ય આરોપી પ્રિન્સ ચૌહાણની ધરપકડ કરી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વડોદરાના તરસાલી વિસ્તારના યુવક આકાશ સોનવણેનું અગાઉ થયેલી ઝઘડાની અદાવતને કારણે રિક્ષામાં અપહરણ કરાયું હતું. આ યુવકને વાઘોડિયા રોડ પર લઈ જવાયો હતો અને બાદમાં પાઈપ અને ધોકા વડે ઢોર માર મારવામાં આવ્યો હતો અપહરણ વિથ હુમલાના ગુનામાં 6 આરોપીની સંડોવણી છે.

જેથી યુવકે ફરિયાદ નોંધાવતા મકરપુરા પોલીસે અપહરણના મુખ્ય આરોપી સોમતળાવના પ્રિન્સ ચૌહાણની ધરપકડ કરી લીધી હતી. પોલીસે આરોપીને જે ઘટના સ્થળ પરથી અપહરણ કરાયું હતું અને જ્યાં લઈ લઈ ગયાં હતા તે સમગ્ર ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન આરોપી સાથે રાખી કરાવવામાં આવ્યું હતું. અપહ્યુત આકાશ સોનવણેએ જણાવ્યું હતું કે, જ્યારે તરસાલી વિસ્તારમાં હું બહાર ઉભો હતો ત્યારે એક અજાણ્યા યુવક આવીને તેને સાથે ચાલવા માટે કહેવા લાગ્યો હતો.

જ્યારે મેં તેની ઓળખ પૂછી ત્યારે અન્ય એક યુવક પણ ત્યાં ધસી આવ્યો હતો ત્યારબાદ મારી સાથે ખેંચતાણી કરવા લાગ્યા હતા. આ દરમિયાન ત્રણ-ચાર લોકો ભેગા થઈ ગયા અને મેં જ્યારે પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો હતો ત્યારે આ બંને યુવકો પાઈપથી હુમલો કર્યો હતો. દરમિયાન લોકોનું ટોળુ ભેગુ થઈ ગયું હતું ત્યારે ટોળાને ગેરમાર્ગે દોરવા માટે હુમલાખોરોએ ઘરનો મામલો છે તેમ કહ્યું હતું. જેના કારણે લોકોએ મારી મદદે આવ્યું નહોતું. ત્યારબાદ ગંગાસાગર ચાર રસ્તા સુધી ખેંચીને લઇ ગયાં બાદ રિક્ષામાં બેસાડી હાઈવે જંગલઝાડી જેવા વિસ્તારમાં આવેલા રૂમમાં મને આ લોકોએ પાઈપ અને ઈંટો વડે નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. જેના કારણે બેશુધ્ધ પણ થઇ ગયો હતો.

ત્યાં છોડીને જતા રહ્યાં હતા મે ભાનમાં આવ્યા બાદ માંડ-માંડ હાઈવે સુધી પહોંચ્યો હતો અને મેં કોઈનો ફોન માંગીને મારા મિત્રનો સંપર્ક કર્યો હતો. મિત્રની મદદથી હું મકરપુરા પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી.

રાષ્ટ્રપતિ ભવન અને માનવાધિકાર પંચના આદેશ છતાં વડોદરા પોલીસ તપાસમાં ઠાગાઠૈયા કરતી હોવાનો રોષ

માતાના 'ખૂની' ને પકડવા પુત્ર મેદાને: વડોદરા પોલીસની ઢીલી નીતિ સામે ડૉક્ટરના ધરણાં

ભોપાલના ડોક્ટર પુત્રનો ગંભીર આક્ષેપ: 1 કરોડની FD અને દાગીના હડપવા રચાયું ષડયંત્ર

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વડોદરા શહેરના પોલીસ ભવનની બહાર આજે એક હૃદયદ્રાવક દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં મધ્યપ્રદેશના ભોપાલથી આવેલા ડૉ. અમિતાભ શુક્લ પોતાની માતાના મૃત્યુના કેસમાં ન્યાયની માંગ સાથે ધરણા પર બેઠા છે. તેમનો આક્ષેપ છે કે વડોદરા પોલીસ દ્વારા છેલ્લા અઢી વર્ષથી આ મામલે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી રહી નથી. મૂળ ભોપાલના રહેવાસી ડૉ. અમિતાભ શુક્લના જણાવ્યા અનુસાર, માર્ચ 2023માં વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલી ગોકુળ ટાઉનશીપ ખાતે તેમની માતાનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું. તે સમયે તેમના ભાઈ આસિમ શુક્લ માતા સાથે રહેતા હતા. ડૉ. શુક્લનો ગંભીર આક્ષેપ છે કે આ કુદરતી મૃત્યુ નથી, પરંતુ મિલકત હડપવાના ઈરાદે તેમના ભાઈ દ્વારા કરવામાં આવેલી હત્યા છે. તેમના દાવા મુજબ, પૈતૃક સંપત્તિ, વડોદરાની બેંકોમાં રહેલી 1 કરોડની એફડી (FD), 50 લાખના દાગીના અને માતાના પેન્શન એકાઉન્ટ પર કબજો કરવા માટે આ આખું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ડૉ. શુક્લ ગઈકાલે પોલીસ કમિશનર નરસિમ્હા કુમારને પણ મળ્યા હતા, પરંતુ તેમને કોઈ સંતોષકારક પ્રતિસાદ મળ્યો નથી. તેમનું કહેવું છે કે પોલીસ આને દીવાની કેસ ગણાવી રહી છે, જ્યારે હકીકતમાં આ એક ફોજદારી ગુનો છે.

હાલમાં, એક શિક્ષિત વ્યક્તિ દ્વારા પોલીસ ભવનની બહાર ન્યાય માટે ધરણા કરાતા વડોદરા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો

♦ ધરણા પર બેઠેલા ડૉ. શુક્લે પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે:♦ કાર્યવાહીમાં વિલંબ: છેલ્લા અઢી વર્ષમાં પોલીસે અનેકવાર એફઆઈઆર (FIR) દાખલ કરવાનું આશ્વાસન આપ્યું પણ હજુ સુધી ગુનો નોંધાયો નથી. ♦ રાજકીય અને આર્થિક પ્રભાવ: આરોપી પ્રભાવશાળી હોવાને કારણે પોલીસ તપાસને દબાવવાનો પ્રયાસ કરી રહી છે અને અત્યાર સુધીમાં 6-7 વાર ખોટી તપાસના અહેવાલો રજૂ કર્યા છે. ♦ ઉચ્ચ આદેશોની અવગણના: રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ એ ઓગસ્ટ 2025માં એસપી વડોદરાને ફરી તપાસ કરવા આદેશ આપ્યો હતો, તેમજ રાષ્ટ્રપતિ ભવનથી પણ ગુજરાત સરકારને સૂચના મળી છે, છતાં સ્થાનિક પોલીસ આ આદેશોની અવગણના કરી રહી હોવાનો આક્ષેપ છે.

ધાડ, લુંટ, ઘરફોડ, ચેન સ્નેચિંગના ગુના વર્ષ 2024માં 907 નોંધાયા હતા જે ઘટીને વર્ષ 2025માં 851 થયાં

વડોદરામાં પોલીસના પેટ્રોલિંગ તથા વાહન ચેકિંગના કારણે મિલકત સંબંધ ગુના 6.17 ટકા ઘટયાનો દાવો

305 જેટલા આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરીને જેલ ભેગા કર્યાં છે. જ્યારે 11 જેટલા આરોપીઓને તડીપાર કરાયા.

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વર્ષ 2025માં ઘરફોડ, ચેન સ્નેચિંગ, ધાડ લૂંટ સહિતના ગનાઓમાં શહેરમાં બન્યાં હતા. ત્યારે આ ગુના પૈકીના 73 ટકા જેટલા ગુનાના ભેદ ઉકેલી મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં ચેન સ્નેચિંગના ગુના વર્ષ 2024માં 678 જેટલા ગુના નોંધાય હતા જે વધીને 702 વર્ષ 2025મા થઇ ગયા છે. જ્યારે બાકીના ધાડનો વર્ષ 2025 એક પણનહી, લૂંટ ગત વર્ષ 11 કેસ જે ઘટીને 7 થયા છે. ગરફોડ ચોરીના ગુના પણ 207થી ઘટીને 142 થઈગયા છે. જેથી વડોદરા શહેર પોલીસના પ્રયાસના કારણે મિલકત સંબંધી ગુનામાં 6.17 ટકાનો ઘટાડો થયો છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં ધાડ, લૂંટ, ચોર, ઘરફોડ, ચેન સ્નેચિંગ સહિતના ગુનાઓ બનતા અટકાવવા વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ 650, સ્માર્ટ સિટી અંતર્ગતના 1950 અને જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવેલ 550થી 8 હજારથી વધારે સીસીટીવી કેમેરાઓને પોલીસ ભવન ખાતેના આધુનિક કમાન્ડ સેન્ટરથી શંકાસ્પદ પ્રવૃતિઓ ઉપર નજર રાખવામાં આવે છે. મેન્ટર પ્રોજેક્ટ અંતર્ગત શહેરના 550થી વધુ કુખ્યાત ગુનેગારો ઉપર નજર રાખવા પોલીસ અધિકારીઓને નિયત કરવામાં આવે છે. તે ઉપરાંત શહેરના વિવિધ ચેકપોસ્ટ ઉપર અને વ્યુહાત્મક સ્થળોએ નાઇટ રાઉન્ટ પેટ્રોલિંગમાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવતા હોય છે. ત્યારે શહેર પોલીસના પ્રયાસોને લીધે મિલકત સબંધી ગુનાઓમાં 6.17 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ 2024ની સરખામણીમાં વર્ષ 2025માં ધાડનો એક પણ બનાવ બનવા પામ્યો નથી. લૂંટના ગુનાઓમાં 11 નોંધાયા હતા વર્ષ 2025માં 7 જેટલા નોંધાયા છે. તેવી જ રીતે ઘરફોચ ચોરીના વર્ષ 20204માં 207 ગુના નોધાયા હતા જે વર્ષ 2025માં ઘટીને 142 થઇ ગયા છે. જ્યારે ચેન સ્નેચિંગના ગુનામાં વધારો નોંધાયો છે. જેમાં વર્ષ 2024માં ચેન સ્નેચિંગના 678 ગુના દાખલ થયા હતા. જ્યારે વર્ષ 2025માં વધીને 702 થઇ ગયા છે. જ્યારે વડોદરા શહેરમાં ઘરફોડ સહિતના ગુનાને સિકલીગર ગેંગ, સુનિલપાનગેંગ,કાસમઆલા ગેંગ, ત્રીચી ગેંગ,વડનગરની સિકલીગર ગેંગ, ચેન સ્નેચિંગ સિકલીગર ગેંગ, એટીએએમ તોડી ચોરી કરતી ગેંગ, લક્ઝરીયસ ગાડીના કાચ તોડી ચોરી કરતી ગેંગ, વાહન ચોરીની ગેંગ તથા મેડ ગેંગ મળી દ્વારા 125 જેટલા ગુનાને અંજામ આપવામાં આવ્યો છે. જેમાં 305 જેટલ